R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

ESTD.YEAR- 23•ISSUE: 43 DATE: 26-10-2019•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ? હા( ) ના( )

If undelivered pl.return to સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

## ઇથિયોપિયાના વડાપ્રધાન અબી અહમદને શાંતિ માટેનો નોબલ પુરસ્કાર -૨૦૧૯ એનાયત કરાશે

આ વર્ષ માટેનો નોબલ પીસ પ્રાઇઝ પારિતોષિકનો ધોષણા કરવામાં આવી છે.શાંતિ માટેનો નોબેલ પુરસ્કાર વર્ષ ૨૦૧૯ માટે ઈથીયોપિયાના વડાપ્રધાન અબી અહમદ અલીને એનાયત કરવામાં આવશે.તેઓએ તેમા શાંતિ પ્રયાસો અને ખાસ કરીને પાડોશી દેશ ઈરીટ્રીયાની સાથેના સરહદી વિવાદને ઉકેલવામાં નિર્ણાયક ભુમિકા માટે આ પુરસ્કાર એનાયત કરવામાં આવશે. અબી અહમદ અલીને ઈથિયોપીયાના નેલ્સન મંડેલા પણ કહેવામાં આવે છે.

નોર્વેજીયન નોબેલ ઈન્સ્ટીટ્યુટ દ્વારા અબી દ્વારા હાથ ધરાયેલા મહત્વના સુધારાવાદી કાર્યોની પ્રશંસા કરાઇ હતી. જેની શરુઆત અબીએ એપ્રિલ ૨૦૧૮થી કરી હતી. ઈન્સ્ટીટ્યુટના ચેરવમન બેરિટ રેઈસ-એન્ડરસને કહ્યુ હતું કે કેટલાક લોકો વિચારશે કે તેઓએ અબીને આ પુરસ્કાર વહેલો જાહેર કરી દેવાયો છે. પરંતુ હવે અબી અહેમદ આ પ્રયાસોને ઓળખ મળવી જરુરી છે અને તેઓ આ પ્રોત્સાહનના હક્કદાર છે.

૪૩ વર્ષીય અબી અહમદ



એપ્રીલ-૨-૧૮માં ઈથિયોપીયાના સૌથી યુવાન વયના વડાપ્રધાન બન્યા હતા. તેમણે એજ સમયે સ્પષ્ટ કર્યુ હતું કે તેઓ ઈરિટ્રીયા સાથે શાંતિ મંત્રણા શરુ કરશે. તેમણે ઈરીટ્રીયાના રાષ્ટ્રપતિ ઈસેયસ અફવર્કી સાથે મળીને ટુંક સમયમાં જ એ દિશામાં કામ શરુ કરી દીધું હતું. ગત વર્ષે જ ઈથીયોપીયા અને ઈરીટ્રીયાએ સીમા વિવાદ ઉકેલવા માટે શાંતિ કરાર કર્યા છે. આ રીતે ૨૦ વર્ષથી બંને દેશો વચ્ચે સૈન્ય તંગદીલી ખતમ થઈ છે.૧૯૯૮થી ૨૦૦૦ સુધી બંને દેશો વચ્ચે યુધ્ધ ચાલ્યુ હતું.

શાંતિ મંત્રણા પછીના થોડાક સપ્તાહ પછી ઈરીટ્રીયાના નેતાએ એડ્રીસ, અબાબાની મુલાકાત લીધી હતી. અને ત્યાર પછી કોમ્પ્યુનીકેશન અને ટ્રાન્સપોર્ટ વ્યવહાર ફરીથી સ્થાપિત થયો હતો. બે દાયકા પછી બંને દેશો વચ્ચે વહેચાયેલા પરિવારો આંસુ ભરી આંખો સાથે ફરીથી મળ્યા હતા. બંને દેશો વચ્ચેના સબંધો સુધર્યા પછી સંયુક્ત રાષ્ટ્ર દ્વારા ઈરીટ્રીયા પર લદાયેલા પ્રતિબંધો પણ દુર થયા હતા.

## ભારતમાં બેન્કીંગ ક્ષેત્ર ગંભીર કટોકટી તરફ પ્રયાણ :વધુ તકેદારીની જરુર

બેન્કીંગ ક્ષેત્ર ગંભીર કટોકટી તરફ પ્રયાણ કરી રહયું છે. જો સરકાર તકેદારીના સમયસર પગલાં નહીં ભરે તો અર્થતંત્ર ભારે મુશ્કેલીમાં મુકાશે. નોબલ પુરસ્કાર વિજેતા અભિજિત બેનરજીએ બેન્કીંગ સેકટર વિશે તેમના કેટલાક ગંભીર સુચનો રજુ કર્યા હતા. જો કે તેમણે કોઈ વિવાદિત નિવેદનો આપ્યા નહોતા. પરંતુ બેન્કીંગ કટોકટીની ગંભીરતાને સમજાવવા પ્રયત્ન જરુર કર્યો હતો. તેમણે બેન્કીંગ કટોકટીને ગંભીર બતાવતાં કહ્યુ હતું કેટલાક આક્રમક પગલાં લેવા જરુરી છે.તેમણે કહ્યુ હતું કે રાષ્ટ્રીયકૃત બેન્કોમાંથી સરકારની ઈક્વીટી ઘટાડીને ૫૦ ટકાથી ઓછી કરી નાંખવી જોઈએ. જો આમ કરાય તો બેન્કરો માનસિક વ્યાધિમાંથી બહાર આવશે. એક પત્રકાર પરિષદમાં તેમણે બેન્કીંગ કટોકટીને બિહામણી ગણાવી હતી.

તેમણે કહ્યુ હતું કે બેન્કીંગ કટોકટી બાબતે આપણે ચિંતા કરવી જરુરી છે. આપણે આ બાબતે વધુ તકેદારી રાખવી પડશે.એક દિવસ બેન્ક સારી



હોય પરંતુ બીજા દિવસે અચાનક તે કટોકટીમાં આવી પડે.આવી કટોકટી ઉભી થાય તે પહેલાં જ કટોકટીને દુર કરવી પડશે અને આપણે તેને અટકાવી દેવા સક્ષમ હોવા જોઈએ. આપમે કેટલાક મહત્વના ફેરફારો કરવાની જરુર છે.

ડિફોલ્ટ કેસોમાં સીવીસી દ્વારા તપાસની બીકે બેન્કીંગ સિસ્ટમને પેરાલીસીસ કરી નાંખી છે. બેન્કરો ધિરાણ આપવા જ માંગતા નથી.પરંતુ જો આવી બેન્કોમાં સરકારની ઈક્વીટી ઘટાડીને ૫૧ ટકાથી ઓછી થશે તો તેઓ સીવીસીના અધિકારક્ષેત્રની બહાર આવી જશે. જો કે તેમણે કોઈપણ વિવાદાસ્પદ મુદ્દાઓ પર જવાબો આપ્યા નહોતા.




## સાઉથ આફ્રિકાનો વ્હાઇટ વોશ :ભારતે ૩-૦થી સિરિઝ જીતી લીધી

ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.ર

# ગરવી નવક્રાંતિ

દેશનું અર્થતંત્ર ખરાબે ચડ્યું છે.તેને સુધારવા સરકારે આવશ્યક પગલાં ભરવા જોઈએ એવા ચારે કોરથી અવાજો ઉઠી રહ્યા છે. પરંતુ કુંભકર્ણની નિદ્રામાં પોઢેલી સત્તા જાગતી નથી. અથવા તો નહીં જાગવાનો ડોળ કરે છે. છેલ્લા કેટલાક મહિનાઓથી આ બાબતે ચર્ચાઓ ચાલી રહી છે પરંતુ સરકાર આ બાબતે સ્થિતિ સારી છે અને વિપક્ષો ખોટી રડારોડ કરી રહ્યા છે તેવી આક્રમક શૈલીમાં રજુઆતો કરી,તેમજ ચારે કોર ઉત્સવોનું વાતાવરણ સર્જીને સાચી પરિસ્થિતિને ઢાંકવાનો પ્રયત્ન ચાલી રહ્યો છે. છેલ્લે જેમને અર્થશાસ્ત્રનું નોબલ પારિતોષિક એનાયત કરવામાં આવ્યું તેમના પર કોગ્રેસની ચમચાગીરીનુ લેબલ લગાવી દેવાનો પણ ભરપુર પ્રયત્ન કરવામાં આવ્યો.હાલની પરિસ્થિતિ એવું બતાવી રહી છે કે દેશની બેન્કોને સમયસર ઉગારી લેવામાં નહીં આવે તો દેશની કેટલીક બેન્કો ડુબી જશે અને પરિણામે દેશ સમક્ષ ભારે આર્થિક સંકટ ઉભુ થશે. બેન્કોમાંથી થાપણો ઉપાડીને લોકો ક્યાં લઈ જાય તે પણ એક ગંભીર પ્રશ્ન ઉભો થયો છે. કોઈપણ બેન્ક આવતી કાલે ઉઠી જાય તો કહેવાય નહીં તેવું વાતાવરણ ઉભું થયું છે. ખેર, ચારેકોર અસહ્ય મોંઘવારીની ચક્કીમાં પીસાતી જનતા અને ગરીબ મધ્યમવર્ગની બચતો ગળી જનાર બેન્કિગ ક્ષેત્ર સામે શું કરી શકાય તેવો પ્રશ્ન ઉભો તો થયો છે પરંતુ તેનો નિકાલ કે કોઈ વિકલ્પ દેખાતો નથી.

## મંતવ્ય

રખડતી ગાયો શાકાહારીમાંથી માંસાહારી બની ગઈ.ગોવામાં એક ગામેથી ગૌશાળામાં લાવવામાં આવેલી રખડતી ગાયોની સારવાર માટે પશુચિકિત્સકની સેવા લેવાઈ રહી છે. ગૌશાળા પહોચેલી આ ગાયો હવે ચિકન અને ફ્રાય ફિશ ખાતી થઈ ગઈ છે અને તેને હવે શાકાહારી ભોજન પસંદ નથી.હવૈ તમને પુનઃ શાકાહારી બનાવવા માટે પશુચિકિત્સક સારવાર આપી રહ્યા છે. ગોવાના વેસ્ટ મેનેજમેન્ટ પ્રધાન માઈકલ લોબોએ આ માહિતી આપી હતી.તેમણે આપેલ માહિતી અનુસાર કલાનગુટે ગામથી ગૌશાળામાં લવાયેલ ૭૬ ગાયો જે રખડતી હતી તે શાકાહારીમાંથી માંસાહારી બની ગઈ છે.હવે આ રખડતી ગાયો ઘાસ કે અન્ય શાકભાજી જેવા ખોરાક ખાતી નથી કે પસંદ કરતી નથી.કચરામાંથી અને ગામના લોકો દ્વારા આ રખડતી ગાયોને અપાતા ખોરાકને કારણે આ ગાયો માંસાહારી બની ગઈ છે.

રખડતી ગાયો માસાહારી નથી બનતી તેવું માનવું ભુલ ભરેલું છે. ઠેર ઠેર જ્યાં અમદાવાદ શહેરમાં પ્રસંગો કે હોટલો વિગેરેના માંસાહારી ખોરાકના વધેલા કેટલાક અવશેષો કચરા પેટીઓમાં નાંખવામાં આવે છે ત્યાંથી ગાયો આ ખોરાક ખાતી થઈ ગઈ છે.તેથી દેશના વિવિધ સ્થળોએ આ બાબત બનતી હશે પરંતુ તેની જાણકારી સૌને નથી.પહેલા ભુંડોની વસતી અમર્યાદ હતી તેથી આવા વધેલા ઘટેલા ખોરાક કચરા પેટીની આજુબાજુ નંખાતા તેઓ તે સાફ કરી જતા અને કચરાની સમસ્યાનું સમાધાન થતું. પરંતુ ભુડોની વસ્તી શહેરોમાં ઓછી થતાં વધેલા ઘટેલા કચરાની સમસ્યા દુર કરવાનું કામ ગાયો કરી રહી છે.તેની જાણ ગૌરક્ષકોને હોવી જોઈએ. જેઓ આ ગાયોના માલિકો છે તેઓને ગાયો શું ખાય છે તેની દરકાર નથી.એમને ટાઈમસર દોવા મળે અને તે દુધના પૈસા મળે તેમાં જ રસ હોય છે.હવે આ ગાયો વેચાતી નથી.કારણ કે વેચનાર અને લેનાર બેઉની ઉપર ધોસ છે.તેથીઆ સમસ્યાનું સમાધાન શક્ય નથી.જો માંસાહારીને શાકાહારી બનાવશો તો જંગલના સિંહ,વાઘનો પણ વારો કેટલા અહિંસા ધર્મમાં માનનારા કાઢશે.કારણ કે એમને આખા દેશની પ્રજાને શાકાહારી બનાવવી છે.

રમણિક કે ખમાર

બેલ્જીયમનો ત્રણ માસનો સૌથી નાનો સેનાપતિ ડ્યુક ગોડફે ત્રીજો ઈતિહાસમાં ધી ક્રેડલ ડ્યુક ના નામથી ઓળખાય છે.આ બાળ સેનાપતિ ઘોડીયામાં સુવાડીને યુધ્ધના મોરચે લઈ જવાતો હતો.

જ્હોન એફ કેનેડી ખુબ સારા વેન્ટ્રીલોકિવિસ્ટ એટલે કે અન્ય કોઈ વ્યક્તિ બોલે છે એ રીતે તેઓ બોલવાનું કૌશલ્ય ધરાવતા હતા.



વિનંતી

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

# ભારતીય મુળના પ્રોફેસર અભિજિત બેનરજી,તેમના પત્ની એસ્થર ડુફ્લો અને હાવર્ડના પ્રોફેસર માઇકલ ક્રેમરને સુંયક્ત ઇકોનોમિકસના નોબેલ પ્રાઇઝ વિજેતા જાહેર કરાયા







ભારત મુળ નિવાસી અને મેસાચ્યુસેટ ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજીમાં ઈકોનોમિકસના પ્રોફેસર અભિજિત બેનરજીને ૨૦૧૯નો ઈકોનોમિકસનો નોબેલ જાહેર કરાયો હતો.તેમની સાથે જ તેમના પત્ની જેઓ પ્રોફેસર તરીકે તેમની સાથે કામ કરે છે તેણી એસ્થેર ડુફલો તથા હાવર્ડ યુની.માં ઈકોનોમિક્સના પ્રોફેસર તરીકે કામ કરતાં માઈકલ ક્રેમરને સંયુક્ત રીતે આ નોબેલ એનાયત કરવામાં આવ્યો છે.મહત્વની વાત એ છે કે ૨૧ વર્ષ પછી કોઈ ભારતીય મુળનાને ઈકોનોમીક્સનો નોબલ મળ્યા છે. આ પહેલા ૧૯૯૮માં હાવર્ડ યુની.માં રહેલા ભારતીય મુળના ઈકોનોમિક્સના પ્રોફેસર અમર્ત્ય સેનને નોબલ એનાયત થયોહતો.

અભિજિતનો જન્મ ૨૧ ફેબ્રુઆરી,૧૯૬૧ના દિવસો કોલકત્તામાં થયો હતો. તેમના માતા નિર્મલા બેનરજી કોલકોતાના સેન્ટર ફોર સ્ટડીઝ ઈન સોશ્યલ સાયન્સીઝમાં પ્રોફેસર હતા. તેઓ બે ડોક્યુમેન્ટ્રી ફિલ્મોનું નિર્દેશન કરી ચુક્યા છે. અભિજિતે દુનિયાને રાહ દેખાડવા માટે ઈકોનોમિકસ પર કેટલાંય પુસ્તકો લખ્યા છે. તેમનું પહેલું પુસ્તક ૨૦૦૫માં વોલાડીલીટી એન્ડ ગ્રોથ લખ્યુ હતું. અભિજિત બેનરજીએ કુલ સાત પુસ્તક લખ્યાં છે. પરંતુ તેમને પ્રસિધ્ધિ તો ૨૦૧૧માં પ્રકાશિત થયાલ તેમના પુસ્તક પુઅર ઈકોનોમિક્સ :એ રેડિકલ રીથિન્કીંગ ઓફ ધ વે ટુ ફાઈટ ગ્લોબલ પ્રોવર્ટીથી તેમને ઘણી પ્રસિધ્ધિ મળી હતી.અભિજિત અને એસ્થર બેનરજીએ ૨૦૧૯નું અર્થશાસ્ત્રનું નોબેલ પારિતોષિક મળ્યું છે નોબેલ મેળવનાર તે છઠ્ઠુ દંપતિ બન્યું છે.

અભિજિત હાલમાં અમેરિકામાં મેસેચ્યુસેટ્સ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજીમાં અર્થશાસ્ત્રના પ્રોફેસર છે. તેમણે ગ્રેજ્યુએશન કોલકોતાની પ્રેસિડેન્સી કોલેજમાંથી કર્યુ હતું. એ બાદ ૧૯૮૩માં ઈમોનોમિક્સ સાથે પીએચડી તેમણે જવાહરલાલ નહેરુ યુની.માંથી કર્યુ હતું. પાછળથી ૧૯૮૮માં હાવર્ડ યુની.માંથી પીએચડી કર્યુ હતું.તેમના પહેલા લગ્ન એમઆઈટીના મહિલા પ્રોફેસર અરુધતી બેનરજી સાથે થયા હતા. ૧૯૯૧માં તેમણે છુટાછેડા લીધા હતા.૨૦૧૫માં તેમણે એસ્થેર સાથે લગ્ન કર્યા હતા.૧૯૭૨માં જન્મેલા એસ્થર ઈકોનોમિક્સ માટે નોબેલ મેળવનાર સૌથી યુવાન મહિલા છે.આ ઉપરાંત આ ક્ષેત્રમાં નોબેલ મેળવનાર તે બીજા મહિલા છે.

અભિજિત એસ્થર અને માઈકલ ક્રેમરે વૈશ્વિક ગરીબી ઓછી કરવાના પ્રયાસો માટે સંયુક્ત રીતે ત્રણેયને નોબલ એનાયત થયા છે. અભિજિત બ્યુરો ઓફ ધ રિસર્ચ ઈન ઈકોનોમિક્સ એનાલિસિસ ઓફ ડેવલપમેન્ટના પુર્વ પ્રેસિડેન્ટ છે. તેઓ સેન્ટર ફોર ઈકોનોમિક્સ એન્ડ પોલીસી રિસર્ચના ફેલો અને અમેરિકન એકેડેમી ઓફ આર્ટ્સ સાયંન્સીસ એન્ડ ધ ઈકોનોમિક્સ સોસાયટીના ફેલો પણ રહી ચુક્યા છે. બેનરજી,ડફેલો અને ક્રેમરે ગરીબી સામે લડવા માટે અનોખો રસ્તો શોધી કાઢ્યો હતો. તેમણે ગરીબી સાથે સંકળાયેલા મુખ્ય મુદાને નાના નાના સવાલોમાં વહેચી કાઢ્યા હતા શિક્ષણ અથા તો બાળકોના સ્વાસ્થને સુધારવા માટે સૌથી પ્રભાવશાળી રસ્તા ક્યા ? આવા અનેક સવાલો તૈયાર કરીને તેમણે ઉકેલ શોધ્યા હતા.તેના થી જ સમસ્યાઓને નાથવાની પધ્ધતિ વિકસાવવામાં આવી હતી.૨૦૧૯માં લોકસભાની ચુંટણીમાં કોગ્રેસે મુખ્ય ચુંટણી ઢંઢેરામાં તેમની વાત સમાવી હતી.ભારતે આ બાબતે ગૌરવ લેવા જેવી બાબત છે.

**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.

શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જહોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

**કાર ભાડે મળશે**



**લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે**



**મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭**

**લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે**



# વૈશ્વીક ભુખમરાના રિપોર્ટ મુજબ ગ્લોબલ હંગર ઇન્ડેકસમાં ભારત ૧૦૨માં સ્થાને નીચે પહોચ્યું

ગ્લોબલ હંગર ઈન્ડેક્સના જારી કરાયેલા રિપોર્ટ મુજબ ભારત ૧૦૨માં સ્થાને નીચે ઉતરી ગયું છે. જ્યારે તેની તુલનામાં વૈશ્વિક ભુખમરાના મામલે પાકિસ્તાન,નેપાળ અને મ્યાંમારે આ યાદીમાં ઉપરના સ્થાન પ્રાપ્ત કર્યુ છે. ૨૦૧૯ના ગ્લોબલ હંગર ઈન્ડેક્સ (જીએચઆઈ)માં ભારત ૧૦૨માં ક્રમે રહ્યુ છે. જીએચઆઈએ નોધ્યું છે કે ભારતમાં જે સ્તરનો ભુખમરો છે તે ગંભીર છે.આ રિપોર્ટ શાસક પક્ષ ભાજપ માટે આંચકા સમાન એટલા માટે છે કે ભારતની તુલનામાં પાકિસ્તાન વૈશ્વિક ભુખમરાના મામલે ૯૪માં સ્થાને રહ્યુ છે. આમ ભારત કરતાં પાકિસ્તાનમા ભુખમરાની સ્થિતિ ઓછી છે.

અગાઉ ૨૦૧૭માં ભારત ગ્લોબલ હંગર ઈન્ડેક્સમાં ૧૦૦માં ક્રમે રહ્યુ હતું.પણ ૨૦૧૯માં ભારત વધુ બે સ્થાન નીચે પહોચ્યું છે. જીએચઆઈ કે જે ૧૫ વર્ષથી કાર્યરત છે તે ચાર ઈન્ડેકટર્સ કુપોષણ,બાળમરણ,ચાઈલ્ડ વેસ્ટીંગ અને ચાઈલ્ડ સ્ટનીગના આધારે વિવિધ દેશોને રેન્ક આપે છે. અહીં ભારતને જ ૧૦૨મુ સ્થાન મળ્યું છે તે દર્શાવે છે કે ભારત તમામ ચારેય ઈન્ડીકેટર્સમાં નિષ્ફળ રહ્યું છે. જીએચઆઈ વાસ્તવમાં **Welthungerhife** અને **concern Worldiwide** સંયુક્ત પ્રોજેકટ છે.

ભારત પાકિસ્તાન કરતાંજ નહીં પણ અન્ય પાડોશી દેશો કરતાં પણ નીચલા સ્તરે પહોચ્યું છે.ગ્લોબલ હંટર ઈન્ડેક્સમાં ચીનને ૨૫મું,નેપાળને ૭૩મું,મ્યાનમારને ૬૯મુ,શ્રીલંકાને ૬૬ મુ અને બાંગલાદેશને ૮૮મું સ્થાન મળ્યું છે.

એકતરફ ભારત વૈશ્વિક મહાશક્તિ બનવા માટે તલપાપડ છે ત્યારે આ પ્રકારના પરિણામો લોકોને એ વાતનું આશ્ચર્ય કરાવે છે કે ખરેખર ભારત ગ્લોબલ સુપરપાવર બની શકશે કેમકે ભુખમરાના મામલે ભારત, બાંગલાદેશ અને ને પાળ કરતાં પણ વધુ નબળું અને નાનું પુરવારથયું છે. ભારત સરકાર સતત આર્થિક મંદીનો ઈન્કાર કરી રહી છે ત્યારે આર્થિક સુસ્તીનો ઈન્કાર કરનારા લોકો માટે આ રિપોર્ટ આંખ ઉઘાડનારો છે.

આ ઉપરાંત નિષ્ણાંતોએ એમ પણ કહ્યુ છે કે વૈશ્વિક તાપમાનમાં વધારો થવાથી પણ ભુખમરાના ચિંતાજનક સ્તરમાં વધારો થઈ રહ્યો છે. હાઈ ઈન્કમ ધરાવતાં દેશો જો કે જીએચઆઈમાં સામેલ નથી. ગ્લોબલ હંગર ઈન્ડેક્સમાં આ વર્ષે કલાઈમેટ ચેન્જ અને ભુખમરા પર લક્ષ આપવામાં આવ્યું છે.આ રિપોર્ટમાં જણાવાયું છે કે ભારત સમગ્ર જીડીપી ૧.૬ ટકા જેટલો હિસ્સો એટલે કે ૩.૧૮ લાખ કરોડ રુપીયા ડિફેન્સ માટે ફાળવે છે . આ ઉપરાંત મોદી સરકાર દરેક મુદ્દો કોમી બનાવવાની અને બાહ્ય કોઈપણ ભયને પાકિસ્તાન સાથે સાંકળવાની કોશિશ કરે છે. એમ પણ રિપોર્ટમાં જણાવાયું છે. આ રિપોર્ટ અનુસાર ૧૧૭ દેશોમાંથી ૪૩ દેશોમાં ભુખમરાનું સ્તર ગંભીર રહેવા પામ્યુ છે.ચાડ, માડાગાસ્કર,યમન અને ઝામ્બીયામાં ભુખમરાનું સ્તર ચિંતાજનક અને સેન્ટ્રલ આફ્રિકન રિપબ્લિકમાં ભુખમરો અત્યંત ચિંતાજનક સ્તરે હોવાનું જણાવાયું છે.સેન્ટ્રલ આફ્રિકન રિપબ્લીક આ લિસ્ટમાં ૧૧૭માં સ્થાને છે.

### જાણવા જેવું

જાન્યુઆરી ૨૦૦૯માં વિવિડ પિન્ક તરીકે ઓળખાતા ગુલાબી રંગના હીરાની હરાજી કરવામાં આવી હતી.આ હીરાની આસપાસ બે સફેદ હીરા જડવામાં આવ્યા હતા. અને ૪૩.૬ કરોડ રુપીયામાં તે વેચાયો હતો.

મારીયો બ્રાન્ડો દિગ્દર્શિત ફિલ્મ ગોડફાધરની ઓરીજીનલ સ્ક્રીપ્ટની હરાજી ૨૦૦૫માં કરવામાં આવી હતી ૧૭૩ પાનાની આ સ્ક્રીપ્ટના ૩ કરોડ,૧૨ લાખ રૂપીયા ઉપજ્યા હતા.

મનુષ્યના ગળામાં રહેલા કાકડા રબર બોલ કરતાં વધુ ઉંચા ઉછળી શકે છે પરંતુ આ પ્રક્રિયા માત્ર ૩૦ મીનીટ સુધી જ થઈ શકે છે.


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬


# કાશ્મીરમાં બધુ સામાન્ય છે તો ૯ લાખ સૈનિકો શુ કરી રહ્યા છે : મહેબુબા પુર્વ સી.એમ.



જમ્મુ-કાશ્મીરના ભુતપુર્વ મુખ્યમંત્રી મહેબુબા મુફતીએ ભાજપ પર મત માટે જવાનનું કાર્ડ રમવાનો આક્ષેપ મુક્યો હતો.તેમણે ટ્વીટર પર લખ્યું હતું કે જો કાશ્મીરમાં બધુ જ સામાન્ય હોય તો ત્યાં નવ લાખ સૈનિકો ત્યાં શું કરી રહ્યા છે? જમ્મુ-કાશ્મીરના ભુતપુર્વ મુખ્યમંત્રી મહેબુબાએ જણાવ્યુ હતું કે કાશ્મીરમાં નવ લાખ સૈનિકો શું કરી રહ્યા છે શું તેઓ પાકિસ્તાનનો હુમલોને રોકવા માટે અહીંયા છે ? ના, તેઓ માત્ર વિરોધ પ્રદર્શનોને દબાવવા માટે જ છે.સેનાની પ્રાથમિક જવાબદારી સરહદોની સુરક્ષા કરવાની છે.. મહેબુબા મુફતીની પુત્રી ઇલ્તિજાએ ટ્વીટ કરીને જણાવ્યુ હતું કે સત્ય એ છે કે કાશ્મીરઓને તોપનો ચારો માનવામાં આવે છે.ખીણમાં અશાંતિ ફેલાવવા માટે સેનાને મોહરાની જેમ ઉપયોગ કરવામાં આવે છે. શાસક પક્ષને જવાનો અને કાશ્મીરીઓની ચિંતા નથી. તેમને માત્ર ચુંટણી જીતવાની ચિંતા છે.

# અમેરિકી સેનેટના રિપોર્ટમાં કાશ્મીરની સ્થિતિને માનવીય કટોકટી ગણાવાઇ :કાશ્મીરમાંથી સંચાર સેવા પરથી પ્રતિબંધો ઉઠાવી લેવા સેનેટની અપીલ

પાંચમી ઓગષ્ટે જમ્મુ-કાશ્મીરને વિશેષ દરજ્જો આપતા આર્ટિકલ -૩૭૦ની નાબુદી બાદ પહેલીવાર અમેરિકી સાંસદે કાશ્મીર મામલે હસ્તક્ષેપ કર્યો છે. અમેરિકી સંસદના ઉપલા ગૃહ ગણાતી સેનેટની વિદેશ મામલાની સમિતિએ વર્ષ ૨૦૨૦ માટેના વિદેશો માટેનો કાયદો ઘડાય તે પહેલા તેના અહેવાલમાં કાશ્મીરમાં સર્જાયેલી માનવીય કટોકટીનો અંત લાવવાની અપીલ કરી છે. ચાલુ સપ્તાહમાં દિલ્હીની મુલાકાતે આવેલા અમેરિકી સાંસદોના પ્રતિનિધિમંડળમાં સામેલ વા સેનેટર ક્રિસ વાન હોલેનના પ્રસ્તાવ પર રિપોર્ટમાં સુધારો કરી કાશ્મીર મામલાનો ઉલ્લેખ કરાયો છે.

સેનેટમાં રજુ કરાયેલા રિપોર્ટમાં જમ્મુ-કાશ્મીરની હાલની માનવીય કટોકટી અંગે ચિંતાઓ વ્યક્ત કરી ભારત સરકારને જમ્મુ-કાશ્મીરમાં ટેલીકોમ્પ્યુનિકેશન અને ઈન્ટરનેટ સેવાઓ સંપુર્ણપણ બહાલ કરવા કરફ્યુ એ અન્ય પ્રતિબંધાત્મક આદેશો હટાવી લેવા અને અટકાયતમાં રખાયેલા તમામ નાગરિકોને મુક્ત કરવાની અપીલ કરાઈ છે. રિપોર્ટમાં કાશ્મીરની સ્થિતિ અંગે આકરી ભાષાનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ રિપોર્ટ ૨૬મી સપ્ટે.સેનેટને સોપાયો હતો. આ સમયે પી.એમ. મોદી અમેરિકામાં જ હતા. અમેરિકી સેનેટની વિદેશ મામલાની આ સમિતિ દ્વારા કાશ્મીર અંગેનો સુધારો સર્વસંમતિથી સ્વીકારી લેવાયો હતો.રિપોર્ટમાં સેનેટે જણાવ્યુ હતું કે અમે કાશ્મીરમાં માનવ અધિકારની સ્થિતિ પર ચાંપતી નજર રાખી રહ્યા છીએ. અમે ઈચ્છીએ છીએ કે ભારત સરકાર અમારી ચિંતાઓને ગંભીરતાથી લે. હોલેને જણાવ્યુ હતું કે કાશ, હું પી.એમ. મોદી સમક્ષ મારી ચિંતાઓ વ્યક્ત કરી શકયો હોત પરંતુ મારી તેમની સાથે મુલાકાત શક્ય બની નહોતી.

અમેરિકી સેનેટના ડેમોક્રેટિક સેનેટર ક્રિસવાન હોલેન કાશ્મીરની મુલાકાત લેવા માંગતા હતા. પરંતુ ભારત સરકારે તેમને મંજુરી આપવાનો ઈન્કાર કરી દીધો હતો. હોલેને જણાવ્યુ હતુ કે હું કાશ્મીરની મુલાકાત લઈ ત્યાં શુ ચાલી રહ્યું છે તે જોવા ઈચ્છતો હતો. પરંતુ ભારત સરકારે મને જણાવ્યુ હતું કે અત્યારે કાશ્મીરમાં જવાનો યોગ્ય સમય નથી. મને એમ હતું કે હું કાશ્મીર જઈને ત્યાંની સાચી સ્થિતિ જાણી શકીશ. હુ માનું છું કે જો તમારે કશું સંતાડવાનું નથી તો કાશ્મીરની મુલાકાત જતા કેમ અટકાવો છો ? હુ એટલું કહી શકું કે ભારત સરકાર નથી ઈચ્છતી કે કાશ્મીરમાં શું ચાલી રહ્યું છે તેની વિશ્વને જાણ થાય


## ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬


# વૈશ્વિક એજન્સીઓએ એક પછી એક ગ્રોથ રેટ ઘટાડી દીધા

ભારતના નબળા અર્થતંત્રને પગલે એક પછી એક વૈશ્વિક એજન્સીઓએ તેના ગ્રોથ રેટના અંદાજ ઘટાડી રહી છે. વર્લ્ડ બેન્કે હજી બે દિવસ પહેલાંજ ભારતનો ચાલુ વર્ષનો અંદાજ ૭.૫ ટકાથી ઘટાડીને ૬ ટકા કરી દીધો છે. ગયા સપ્તાહે મુડીઝે પણ અંદાજ ઘટાડીને ૫.૮ કરી દીધો છે.એશિયન ડેવલપમેન્ટ બેન્કએ સપ્ટે.માં ભારત માટે ચાલુ વર્ષે વૃધ્ધિનો અંદાજ ૦.૫ ટકા ઘટાડીને ૬.૫ ટકા કરી દીધો છે. અને ઓર્ગેનાઈઝેશન ઓફ ઈકોનોમિક્સ કો. ઓપરેશન એન્ડ ડેવલપમેન્ટએ પણ અંદાજ ૧.૩ ટકા ઘટાડીને ૫.૯ ટકા કરી દીધો છે.ભારતીય રિઝર્વ બેન્કે પણ જીડીપીનો અંદાજ ૬.૯ ટકાથી ઘટાડીને ૬.૧ ટકા કરી દીધો છે.


AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332

# મમલલ્પુરમ શહેરમાં ચીનના પ્રમુખ જિનપિંગ અને વડાપ્રધાન મોદીની મુલાકાત



ચીનના પ્રમુખ જિન પિંગ મમલલ્પુરની મુલાકાતે આવ્યા હતા ત્યારેઆખા શહેરને દુલ્હનની જેમ શણગારવામાં આવ્યુ હતું. આ પ્રાચીન શહેરને શણગારવામાં દક્ષિણ ભારતની કળાની ઝાંખી દેખાતી હતી.બંન્ને નેતાઓની તમામ સવલતોનું ધ્યાન રખાયું હતું. બે દિવસની યોજાયેલી ઔપચારિક સમિટમાં બેન્ને દેશો વચ્ચે દ્વિપક્ષીય સબંધોના વિકાસની દિશામાં સિંધ્ધાન્તો સહિતની નવી સર્વ સંમતિ સધાવાની આશા છે.બેઉ નેતાઓએ પરસ્પર એકબીજાને ભેટ આપી હતી.તામિલનાડુના મમલાપુરમાં બંને નેતાઓએ યુનેસ્કોની કેટલીક વૈશ્વીક ધરોહરની મુલાકાત લીધી હતી. તેમજ કલાક્ષેત્ર અને સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો તેમાં હાજરી આપી હતી.

ચીન અને ભારત વિશ્વની બે મહાન સત્તાઓ છે અને પરસ્પર એકબીજા સાથે સારા સબંધો હોય તે જરુરી છે. ચીને કહ્યુ છે કે બંને દેશો એકબીજા માટે ખતરારુપ નથી. બંને દેશો સહકારથી સમગ્ર એશિયામાં શાંતિ અને સ્થિરતા સ્થાપશે.



તામિલનાડુના પરંપરાગત વેશમાં વડાપ્રધાન મોદીએ વિવિધ સ્થળોની ચીનના પ્રમુખ જિન પિગ સાથે મુલાકાત લીધી હતી.જેમાં પ્રાચીન મંદિરો,અનોખા ઝુકેલા ખડકો જેવી ભારતની ધરોહર બતાવી હતી.વાસ્તવમાં મહાલબીપુરમનો ચીન સાથે ૧૭૦૦ વર્ષ જુનો નાતો છે. પલ્લવ રાજાએ ચીનના તત્કાલીન શાસકો સાથે સમજુતી કરી હતી.

# સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટીસ તરુણ ગોગોઇ ૧૭મી નવેમ્બરે નિવૃત થશે



સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટીસ તરુણ ગોગોઇ ૧૭મી નવેમ્બરે નિવૃત થઇ રહ્યા છે. તેમના અનુગામી તરીકે સીનીયોરીટી મુજબ સુપ્રીમ કોર્ટના જજ એસ.એ. બોબડેના નામની ગોગોઇએ ભલામણ કરી છે. બોબડે ૧૭મી નવેમ્બરે ચીફ જસ્ટીસ પદના શપથ ગ્રહણ કરશે.અને ૧૮ મહિના સુધી આ હોદ્દા પર ચાલુ રહેશે. જસ્ટીસ બોબડે અયોધ્યા કેસની સુનાવણીમાં સામેલ છે.

# દેશમાં દુધના ૪૧ ટકા સેમ્પલની ગુણવત્તા ઉતરી કક્ષાની છે ફુડ એન્ડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરીટી)નો રીપોર્ટ

ભેળસેળ કહેવું કે ગુણવત્તાનું પ્રમાણ નબળુ કહેવું ક્યું યોગ્ય છે તે નક્કી કરવું પડે. દેશમાં ઉપયોગમાં લેવામાં આવતા દુધની ગુણવત્તા અંગે ફુડ એન્ડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરીટીએ પહેલી વાર સર્વે કર્યો જેમાં ૪૧ ટકા સેમ્પલ્સ દુધની ગુણવત્તા અને સેફ્ટી સ્ટાન્ડર્ડ જાળવવામાં નિષ્ફળ ગયા હતા. ૭ ટકા સેમ્પલ માનવીના ઉપયોગ માટે અત્યંત ખતરનાક અને હાનિકારક જણાયા હતા.પ્રોસેસ્ડ દુધમાં પણ એન્ટીબાયોટીક અને પ્રતિબંધિત એફલાટોક્સિન એમ ૧ની ફુગ મળી આવી હતી

સર્વે માટે દેશભરમાંથી કાચા અને પ્રોસેસ્ડ દુધના ૬૪૩૨ નમુના લેવામાં આવ્યા હતા.પ્રોસેસ્ડ દુધના ૨૬૦૭ સેમ્પલમાંથી ૧૦.૪ ટકામાં સેફટીના ઇશ્યુ સામે આવ્યા હતા.જ્યારે ૩૭.૭ ટકા સેમ્પલ અથવા બીજા ક્વોલીટી સ્ટાન્ડર્ડમાં નિષ્ફળ રહ્યા હતા.સર્વેમાં ૩૮૨૫ કાચા દુધના સેમ્પલમાંથી ૪૭ ટકા ક્વોલીટીના માપદંડમાં ખરા ઉતર્યા નહોતા.૪.૮ ટકા સેમ્પલમાં સેફ્ટી ઇશ્યુ સામે આવ્યા હતા.કાચા દુધ અને પ્રોસેસ્ડ દુધ એમ બંનેના સેમ્પલ લો ફેટ અથવા લો એસએનએફ માપદંડોમાં ઉતરતી ગુણવત્તાના જણાયા હતા.કાચા અને પ્રોસેસ્ડ દુધના ૭ ટકા સેમ્પલ માનવ ઉપયોગ માટે હાનિકારક હતાં. ૬૪૩૨માંથી ૧૨ સેમ્પલ માનવ માટે અસુક્ષિત જણાયા હતા. જેમાંથી ૬ સેમ્પલમાં હાઇડ્રોજન પરૌકસાઇડ,૩ સેમ્પલમાં ડિટર્જન, બે સેમ્પલમાં યુરીયા અને એક સેમ્પલમાં ન્યુટ્રલાઇઝર મળી આવ્યા હતા.

૬૪૩૨૨ સેમ્પલમાંથી ૫૯૭૬ સેમ્પલ એવા હતા કે જેમાં ભેળસેળ છતાં માનવીના આરોગ્ય માટે ખતરનાક તત્વો મળ્યા નહતા.આમ ૯૩ ટકા સેમ્પલ લોકો માટે સુરક્ષિત જણાયા હતા. છતાં એમ કહેવુ પડે કે દુધમાં મોટાપાયે ભેળસેળ થાય છે.

# ક્રિકેટમાં સાઉથ આફ્રિકાની ટીમને ભારતે ૩-૦ શુન્યથી પરાજય આપીને શ્રેણી જીતી લીધી

રાંચીમાં રમાઇ રહેલ ક્રિકેટમા સાઉથ આફ્રીકાની ટીમને ભારતે પરાજય આપીને શ્રેણી જીતી લીધી છે.ત્રણ ટેસ્ટ મેચની શૃંખલામાં ભારતીય બેટ્સમેનો અને બોલરો હાવી રહ્યા હતા. ત્રણેય ટેસ્ટમાં ભારતીય બેટ્સમેન તરફથી મયંક અગ્રવાલ, કેપ્ટન વિરાટ કોહલી અને રોહિત શર્માએ ડબલ સેન્ચુરી મારી હતી.આ ઉપરાંત ઉપકપ્તાન અજંકિય રહાણેએ પણ સદી નોંધાવી હતી.ભારતના ફાસ્ટ બોલરોમાં ઉમેશ યાદવ અને મોહમંદ શામીએ સારો દેખાવ કર્યો હતો. જ્યારે સ્પીનરોમાં અશ્વિન તથા જાડેજાએ સારો દેખાવ કર્યો હતો. ટેસ્ટ મેચોમાં ભારતીય બેટ્સમેનો અને બોલરોનો દબદબો રહ્યો હતો. સાઉથ આફ્રિકા સામે મળેલી જીત બાદ ભારત સળંગ ટેસ્ટ મેચો જીતવાની ઐતિહાસિક વિક્રમ પર પહોચ્યું હતું.

હવે આવનાર બંગલાદેશની સીરીઝ સામે ભારતનો સારો દેખાવ ચાલુ રહેશે તેવી આશા રખાય છે.


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

જય ક્રિશ્ચિયન
૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨

★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.
*નીલા સી.ગામડીયા*
'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૨૫૩૮૩૩૨૨

ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.